ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

<u>અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.</u>

Date : 7th August, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.........................................................................................,
ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા <u>ગણેશ ચતુર્થી</u> અંતર્ગત
પર્યાવરણ પ્રિય **Eco Friendly Ganesha Making online Workshop** નું વિના મુલ્યે આયોજન.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

સંસ્કૃતિ અને સભ્યતાને વરેલો આપણો ભારત દેશ અવનવા ધર્મો અને તહેવારોને એક સૂત્રમાં બાંધીને એકતાનું પ્રતિનિધિત્વ કરતો રહ્યો છે. દરેક તહેવારોની ઉજવણી કંઇક વિશેષ હેતુ સાથે કરવામાં આવે છે, આ ઉજવણી પાછળનું વિજ્ઞાન પ્રકૃતિને સમજવા પ્રેરે છે, પરંતુ આધુનિક સમયમાં બાહ્ય આકર્ષણ અને ઓછા સમયમાં શ્રેષ્ઠ દેખાવ કરવાની હોડમાં લોકો પ્રકૃતિની સાથે રહીને આગળ વધવાને બદલે તેને થતા નુકસાનની પરવાહ કર્યા વગર કાર્ય કરવા પ્રેરાયા છે. આ સમયમાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા પ્રકૃતિને સમજીને તેની સાથે રહીને કાર્ય કરવા લોક જાગૃતિના કાર્યોમાં સતત કાર્યરત રહ્યું છે.

આ વર્ષે કોરોના મહામારી સમયે ગણેશ ચતુર્થીના પવિત્ર તહેવારને પર્યાવરણ સાથે સાંકળી પ્રકૃતિ પ્રત્યેની લોક જાગૃતિને આગળ ધપાવવાના હેતુસર કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૦ ઓગસ્ટ, ૨૦૨૦ને ગુરુવારનાં રોજ ગણેશ ચતુર્થીની ઉજવણીના ભાગ રૂપે માટી માંથી પર્યાવરણ મિત્ર ગણેશજી બનાવવાંની online કાર્યશાળાનું આયોજન કરવામાં આવનાર છે.

આ કાર્યશાળામાં રસ ધરાવતા લોકો લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ની વેબસાઈટ www.krcscbhavnagar.org / upcoming Event પર તા.૧૮-૦૮-૨૦૨૦ રાત્રે ૧૨ વાગ્યા સુધીમાં પોતાના નામની નોંધણી કરવાની રહેશે. નોંધણી માટે કોઈ પણ પ્રકારની ફી રાખેલ નથી. જાતે બનાવેલા પર્યાવરણ મિત્ર ગણેશજીનું વૈજ્ઞાનિક પદ્ધતિ મુજબના વિસર્જન કરનારને ફોટો / વિડીઓ અમોને મળ્યા પછી 'પર્યાવરણ મિત્ર' ઈ-પ્રમાણપત્ર આપવામાં આવશે. આ કાર્યશાળામાં જરૂરી સામગ્રી (માટી, ગાયનું છાણ) વિષે ભાગ લેનાર વ્યક્તિએને અગાઉ WhatsApp દ્વારા ૧૯-૦૮-૨૦૨૦ના રોજ જાણ કરવામાં આવશે.

વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : 8866570111 પર સંપર્ક કરી શકાશે.

(હર્ષદ જોષી) GPM
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.